ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરમાં ઉનાળાના અમૃતની માંગ ત્રણ ગણી

ગાંધીનગર, તા.૩૧

ઉનાળાની કાળઝાળ ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. આકાશમાંથી અગનગોળા



વરસતા શહેરમાં ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો છે ત્યારે કાળઝાળ ગરમીથી રાહત મેળવવા નગરજનો નીતનવા નુસ્કા અપનાવી રહ્યા છે. ઉનાળાની ગરમીમાં રાહત મેળવવા આઈસ્કીમ, શેરડીનો રસ, લીંબુ શરબત, ઠંડુ પાણીનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે ઉનાળાનું અમૃત ગણાતું છાશના વેચાણમાં પણ જબરદસ્ત વધારો નોંધાયો છે. સામાન્ય દિવસો કરતા ઉનાળાના પ્રારંભિક તબક્કામાં જ છાશના વેચાણમાં ત્રીસ ટકાનો વધારો જોવા મળ્યો છે. જયારે આગામી દિવસોમાં આનાથી પણ બમણું છાશનું વેચાણ થશે.

ગરમીમાં ઠંડક મેળવવા પીવાતું પીણું છાશ જે આજે દરેક વર્ગ માટે હોટ ફેવરીટ છે તેનું ચલણ ઉનાળાની ગરમી વધતાની સાથે જ શહેરમાં વધ્યું છે. શહેરના જાણીતા ઉત્પાદકના જણાવ્યા મુજબ રેગ્યુલર દિવસોમાં છાશના વેચાણ કરતા હાલના દિવસોમાં છાશના વેચાણનું પ્રમાણ ત્રીસ ટકા જેટલું વધ્યું છે. દરેક ઘરમાં આજે જમવા સાથે છાશ લેવાઈ રહી છે. આ ઉપરાંત વિવિધ હોટલોમાં આવતા ઘરાક જમવા સાથે છાશ માંગે છે જેથી હવે શહેરની વિવિધ હોટલમાં પણ જમવા સાથે છાશ ચલણમાં છે. શહેરમાં સ્થિત ડોકટરી ઓફ ઓબેસિટી એન્ડ ન્યુટ્રીશ્યન ડૉ. કાજલ ત્રિવેદીના જણાવ્યા મુજબ સંસ્કૃતમાં તોહેયમની સાથે યોગમુનીઓ દ્વારા છાશનો ઉલ્લેખ થયો છે. છાશ એ શરીરના તાપમાનને જાળવે છે. શરીરનું મેટાબોલીઝમ સુધારે છે. પાચન ક્ષમતા વધારે છે અને ત્વચાને સ્નિગ્ધ અને ચમકીલી રાખે છે.

ઉનાળાના પ્રારંભ સાથે જ છાશ સહિતના ઠંડા પીણાનો ઉપાડ વધી જાય છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ છાશનો વપરાશ હાલમાં ખૂબ વધી ગયો છે. ગયા અઠવાડિયે આકરી ગરમીના પ્રારંભ સાથે જ છાશના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. દિવસમાં બે ત્રણવાર છાશના કેરેટ મંગાવવા છતાં સ્ટોક ખલાસ થઈ જતો હતો. શિયાળા દરમિયાન માંડ ચાર પાંચ કેરેટના ઉપાડ સામે હાલમાં નાના વેપારીઓ છાશના દસ દસ કેરેટ મંગાવી રહ્યા છે તેમ છતાં સાંજ પડે છાશ ખલાસ થઈ જાય છે. આમ છાશના વેચાણમાં આવેલા જબરજસ્ત ઉછાળાના કારણો આપતા વેપારીઓ કહે છે કે ઉનાળામાં છાશ ઠંડક આપે છે બપોરે તો જમવા સાથે અચૂક છાશ લેવાય જ છે. કેટલાક પરિવારોમાં સાંજે વાળુ સાથે પણ છાશ પીવાય છે. વળી આ પીણું અન્ય ઠંડા પીણાં કરતા સસ્તુ છે અને તે નુકશાનકારક નથી. માત્ર ૧૦ રૂ.માં છાશની થેલી મળી જતી હોવાથી મજૂરો, કારીગરો પણ ઉનાળામાં જમવા સાથે અચૂક છાશ લે છે. હજુ કેરી આવી નથી. કેરી બજારમાં છૂટથી મળવા માડે ત્યાં સુધી ગરમીથી રાહત મેળવવા માટે છાશ જ એક રસ્તો છે. ઉનાળામાં જમવાનું ઓછું લેવાય છે ત્યારે છાશ પીવાથી શરીરમાં શકિત રહે છે અને ડીહાઈડ્રેશન થતું નથી આવા કારણોસર જ ગરમી વધવા સાથે છાશનું વેચાણ વધતું જાય છે.

## શહેરના સ્વર્ણીમ પાર્કમાં સાંજ ઢળતા જ ઉમટી પડતું માનવ મહેરામણ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પર સ્વર્ણીમ પાર્કમાં સાંજ ઢળતા જ નગરજનોથી છલોછલ ભરાઈ જાય છે. ઘ-૪ ખાતે વાહનના ખડકલાઓને પગલે ટ્રાફિક જામની પણ સમસ્યા સર્જાય છે. ત્યારે શહેરમાં પડી રહેલી પ્રારંભીક ગરમીથી ત્રસ્ત નગરજનો ગરમીથી રાહત મેળવવા માટે સ્વર્ણીમ પાર્ક ખાતે બાળકોને લઈને આવે છે. જયારે બાળકો ગાર્ડનમાં અવનવી ગેમ પણ રમતા નજરે પડે છે. ત્યારે બાળકોના કલરવથી સ્વર્ણીમ પાર્કનું વાતાવરણ ગુંજી ઉઠે છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં વિધાનસભાથી લઈને મહાત્મા મંદિર સુધી વિશાળ સ્વર્ણીમ પાર્ક તંત્ર દ્વારા તૈયાર કરાયો છે. આ પાર્કમાં બાળકો માટે રમવાના સાધનો તેમજ ફુડકોર્ટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે હજુ સુધી ફુડ કોર્ટ શરુ થઈ નથી. પરંતુ નગરજનોમાં સ્વર્ણીમ પાર્ક હોટ ફેવરીટ છે. તેમાં પણ ગરમીના દિવસોમાં તો સાંજ ઢળતા જ મોટી સંખ્યામાં નગરજનો આવી પહોંચે છે. ગાર્ડનની આસપાસ બરફના ગોળા તેમજ નાસ્તાની લારીઓ પણ ઉભી રહેતા ખાણીપીણી બજાર પણ ઉભુ થયું છે. કેટલાક નગરજનો પોતાના મિત્રો અને પરિવાર સાથે આવતા નાસ્તો કરતા કે રાત્રી ભોજનની મોજ માણતા પણ નજરે પડે છે. જયારે સ્વર્ણીમ પાર્કના આહલાદક વાતાવરણમાં નાના બાળકો થી યુવાવર્ગ પણ મનમુકીને દોડપકડ-ખોખો, ફુલરેકેટ, ફુટબોલ, વોલીબોલ, ચેસ, કેરમ સહિતની રમત રમતા નજરે પડે છે. જયારે ઉનાળાની કાળઝાળ ગરમીથી કંટાળેલા અને ભાગદોડભરી જીંદગી વચ્ચે સ્વર્ણીમ પાર્કના આહલાદક વાતાવરણમાં રાહત મેળવવા નાગરીકો મોડે સુધી બેસી રહે છે. ત્યારે નાગરીકોના ધસારાને પગલે ઘ-૪ સર્કલની આસપાસ વાહનનો ખડકલો સર્જાય છે. જેથી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે તો બીજી તરફ ચોર ઈસમો માટે વાહનચોરી માટે આ વિસ્તાર હોટ ફેવરીટ મનાઈ રહ્યો છે. વાહન મુકીને પાર્કમાં જઈને ગણતરીની મીનીટોમાં પરત આવે ત્યાં સુધીમાં તો વાહનની ઉઠાંતરીના કિસ્સા બને છે જેથી સ્વર્ણીમ પાર્કમાં આવતા નાગરીકોએ પણ સચેત રહેવાની જરુર છે.

# શહેરમાં દ્વિતિય રાજપૂત મહિલા સંમેલન યોજાયું

### જયાં નારીનું સન્માન થતું નથી તેવું ઘર કયારેય આગળ આવતું નથી : વિજયભાઈ રૂપાણી





ગાંધીનગર, તા.૩૧

કચ્છ કાઠિયાવાજ રાજપૂત સેવા સમાજ અને ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા દ્વિતિય રાજપૂત મહિલા કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજયમાંથી ૧૫૦૦ જેટલી રાજપૂત મહિલાઓ સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે સમાજના આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં સમાજની મહિલાઓને સમાજ સાથે રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખી આગળ વધવા સાથે રાજપૂત સમાજની મહિલાઓના ભણતર પર ભાર મુકવામાં આવ્યો હતો.

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ અને રાજપૂત મહિલા મંડળના સંયુકત ઉપક્રમે આયોજીત દ્વિતિય કોન્ફરન્સમાં વિવિધ શહેરોમાંથી રાજપૂત મહિલાઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હાજર રહી જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં નારીને પૂજનીય ગણવામાં આવી છે. આપણે તો ભારતદેશને પણ ભારત માતા કહીને વંદન કરનાર લોકો છીએ ત્યારે મા ભારતી જગત જનની બને તે માટે સૌએ પ્રતિબધ્ધ બનવું પડશે. ક્ષત્રિય સમાજની બહેનો ઘરની બહાર ઓછી નીકળે છે, તેઓ બહાર નીકળે ત્યારે સમાજમાં સાચા અર્થમાં ક્રાંતિ થવાની છે તેવા એંધાણ મળે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે જયાં નારીનું સન્માન થતું નથી તેવું ઘર કયારેય આગળ આવતું નથી તેવી પણ લોકવાયકા છે. રાજપૂત સમાજ તેના શૌર્ય અને બલિદાન માટે આપણી સંસ્કૃતિમાં પ્રેરણારૂપ રહ્યો છે તેવું કહી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ સમાજે બીજાઓ માટે બલિદાન આપ્યું છે તેમજ ધર્મના રક્ષણ માટે પણ અગ્રેસર રહ્યો છે. આ સમાજની શૌર્ય અને બલિદાનની કથાઓ નવી યુવાન પેઢી માટે પણ દિશા સૂચક રહી છે. બીજા સમાજના ઉત્થાન અને સંસ્કારનું ઘડતર કરવામાં પણ સમાજ હંમેશા આગળ રહ્યો છે સાથે તેમણે રાજપૂત સમાજની બહેનો વધુમાં વધુ અભ્યાસ કરે તે વાત પર પણ ભાર મૂકયો હતો.

રાજપૂત સમાજની 'જાગ્રત' બહેનો એમ સંબોધન કરી ઉપસ્થિત આગેવાન કૌશલ્યા કુંવરબા એ તેમના સંબોધનમાં સ્ત્રી સમાજ પુરુષ વગર અધુરો અને પુરુષ સમાજ સ્ત્રી વગર અધુરો છે કહી સમાજની બહેનોને જાહેર ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર રાજપૂત મહિલા મંડળના પ્રમુખ સુશિલાબા આર. જાડેજા દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી કોન્ફરન્સ યોજવા પાછળના ઉમદા આશયથી ઉપસ્થિત સૌને વાકેફ કરવામાં આવ્યા હતા. રાજપૂત મહિલા કોન્ફરન્સમાં ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ઈન્ચાર્જ ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના પ્રમુખ રમજુભા જાડેજા સહિત રાજપૂત સમાજની મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી.

## ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા પીજી માટે પાંચ વિભાગની દરખાસ્ત કરાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજય મેડીકલ એન્ડ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા તબિબિ શિક્ષકોની વડનગર, હિંમતનગર અને જુનાગઢ સહિતના સ્થળોએ બઢતી સાથે બદલી કરી દેવામાં આવી છે. જેનો પગલે ગાંધીનગર સિવિલની ૬૫૦ બેડની હોસ્પિટલની હાલત કફોડી બની જવા પામી છે. પાટનગરની મેડીકલ કોલેજમાં હાલની સ્થિતિએ ૩૦૦ બેડની હોસ્પિટલમાં જેટલા ડોકટર્સ હતા તેના કરતા પણ ઓછા ડોકટર હાલ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે. જેનો અનુલક્ષી દર્દીઓની સાથે તબિબિ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ જોખમાઈ રહ્યું છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા નવ વિભાગમાં પીજીના કોર્ષ માટે દરખાસ્ત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયામાં પેથોલોજી, માઈક્રોબાયોલોજી, એનેસ્થેસિયા, ઓપ્થેલ્મોલોજી અને ઈ એન્ડ ટી ડીપાર્ટમેન્ટની દરખાસ્ત કરી છે. આ ઉપરાંત ડીએનબીમાં જનરલ સર્જરી, મેડીસીન, ગાયનેક તેમજ પીડીયાટ્રીકસ ડીપાર્ટમેન્ટની અરજી કરવામાં આવી છે. આ તમામ વિભાગની દીઠ રૂ. ૨ લાખ ફી પેટે ભરવાના હોય છે. એક તરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની અછત સર્જાઈ છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓના આરોગ્ય સેવાઓ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. તો બીજી તરફ તબિબિ વિદ્યાર્થીઓના ભાવિ સાથે ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા ચેડા કરવામાં આવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે ત્યારે પીજીના કોર્ષ માટે કરાયેલી દરખાસ્ત એમસીઆઈ કે ડીનએનબી કેટલા અંશે વ્યાજબી માને છે તે જોવું રહ્યું . એમસીઆઈના નિયમ કડક છે જયારે ડીએનબીના નિયમો વધુ સરળ હોવાના લીધે તેમા પીજીની માન્યતા મળવાની તકો વધુ રહેલી છે. પરંતુ હાલ તો ડોકટરોની અછત વચ્ચે પણ સિવિલ હોસ્પિટલ ડચકા ખાઈને ચાલી રહી છે

## બાળકોએ યજ્ઞમાં બેસી સત્કાર્ય કરવાનો સંકલ્પ કર્યો...!!

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સંચાલિત શિશુ વાટિકા ખાતે જન્મદિવસની ઉજવણીમાં અનોખો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જે બાળકોના જન્મદિવસ નજીકમાં આવતા હોય તેવા બાળકો પોતાના માતા પિતા સાથે યજ્ઞમાં બેઠા હતા અને તે સાથે બાળક તથા વાલી દરેકે એક એક સત્કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો.

આજન યુગમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો જેણે સમગ્ર વિશ્વને સદભાવના અને સત્કર્મની રાહ ચીંધી છે તે ભુલાઈ રહ્યા છે તેવી ફરિયાદો છાશવારે સમાજમાં ઉઠતી જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી પ્રચલિત યજ્ઞ તથા અન્ય પધ્ધતિઓનો એક તરફ અંધશ્રધ્ધામાં ખપાવી વિરોધ કરાઈ રહ્યો છે જયારે બીજી તરફ તેમાંથી અનેક પધ્ધતિઓનો વૈજ્ઞાનિક રીતે સ્વીકાર પણ થઈ રહ્યો છે જેનાથી પશ્ચિમી સંસ્કૃતિના માનવીઓ પણ હવે આકર્ષાઈ રહ્યા છે. શહેરમાં વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સંચાલિત શિશુવાટિકામાં બાળકોને ભારતીય સંસ્કૃતિની પરંપરાગત પધ્ધતિઓમાં સહભાગી બનાવી પ્રાચીન મૂલ્યો જાળવવા પ્રયાસ કરાઈ રહ્યો છે. તાજેતરમાં યોજાયેલા જન્મદિવસ ઉજવણી કાર્યક્રમમાં નજીકના સમયમાં જેમનો જન્મદિવસ આવી રહ્યો છે તેવા બાળકોએ પોતાના મા-બાપ સાથે યજમાનપદે બેસી યજ્ઞ કર્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ પ્રસાદપુષ્પ અને દીપકની વ્યવસ્થા પણ જાતે કરી હતી તેમજ બાળક તથા વાલીએ એક એક સત્કાર્ય કરવાનો સંકલ્પ પણ કર્યો હતો.

# તમારા મતની તાકાત ઓળખશો તો ફરી 'એપ્રિલફુલ' નહીં બનો

### લોકશાહીના પર્વે મતદાતાએ જાગૃત બની લોકશાહીને મજાક બનાવતા રાજકારણીઓને ઓળખી મતની તાકાત દેખાડવાની તક : પક્ષ પલ્ટુઓથી માંડીને ભ્રષ્ટાચારના ભોરીંગો અથવા એલફેલ નિવેદનો અને અંગત સ્વાર્થ માટે સિધ્ધાંતો નેવે મુકનારા નેતાઓને રસ્તો દેખાડવો જરૂરી

ગાંધીનગર, તા.૩૧

લો, ફરી એકવાર ચુંટણીઓ આવી પહોંચી છે અને લોકસભાની ૫૪૩ બેઠકો માટે અંદાજે ૧૦ લાખ જેટલા મતદાન મથકો પર આગામી તા. ૧૧મી એપ્રિલથી તા. ૧૯મે દરમિયાન કુલ સાત ચરણમાં મતદાન યોજાશે. જેમાં ગુજરાતમાં તા. ૨૩મી એપ્રિલે એક જ ચરણમાં તમામ ૨૬ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. વિશ્વની સૌથી મોટી સંસદીય લોકશાહી ગણાતા ભારતમાં યોજાનાર આ 'લોકશાહીના પર્વ' પર સમગ્ર વિશ્વ આંખ માંડીને બેઠું છે. એપ્રિલમાં પ્રારંભ થઈ રહેલા આ પર્વમાં દરેક રાજકીયપક્ષો અને જાહેર થયેલા કે જાહેર થવાની રાહ જોઈને બેઠેલા તમામ ઉમેદવારો સહિતના રાજકારણીઓ ચુંટણી જીતવા એવા એવા 'ખેલ' બતાવવા લાગ્યા છે કે તેને જોઈને મતદારો ફરી વિમાસણમાં મુકાયા છે કે આ નેતાઓ કયાંક 'એપ્રિલફુલ' તો નહી બનાવી જાય ને?? શું તા. ૨૩મી મેના રોજ જાહેર થનાર પરિણામ મતદાતાનો વિશ્વાસ લોકશાહીમાં વધુ પ્રબળ બનાવશે કે જડ-તોડની રાજનીતિને ઉત્તેજન આપી લોકશાહીમાં રહેલા વિશ્વાસને ડગમગાવશે?




આમ તો, છેલ્લા એક વર્ષથી લોકસભાની ચુંટણીઓને અનુલક્ષીને દરેક રાજકીય પક્ષોએ કવાયત હાથ ધરી દીધી હતી અને ૨૦૧૯ની વૈતરણી પાર કરવા શકય હોય તેટલા હથકંડા અજમાવવામાં કોઈએ કોઈ પ્રકારની કસર છોડી નથી. દર વખતની જેમ આ ચુંટણી અગાઉ પણ રાજકીય નેતાઓની પક્ષપલ્ટાની મૌસમ પુરબહારમાં ખીલેલી જોવા મળી રહી છે. જે સિધ્ધાંતો અને આદર્શોની વાતો કરી વિરોધીઓને પેટ ભરીને જાહેરમાં ભાંડયા હોય તેવી વિરોધી પાર્ટીમાં ગણતરીના સમયમાં જોડાઈ જતા આ જનનેતાઓ સ્હેજ પણ અચકાતા નથી અને જનતાને કયારેક તો 'હોટેલના ખાણાના સ્વાદ બદલવા' જેવા માત્ર હાસ્યાસ્પદ જ નહી પરંતુ ઘૃણાસ્પદ ક્ષુલ્લક ખુલાસા રજુ કરી મતદાનના વિશ્વાસની સરેઆમ ઠેકડી સુધ્ધાં ઉડાવતા શરમાતા પણ નથી. કેટલાકને રાતોરાત વિરોધી પાર્ટીના કાર્યો સારા લાગવા માંડે છે પરંતુ જે મતદાતાઓએ તેમને ચુંટણી દરમ્યાન રજુ કરેલી વાતો અને વચનોના આધારે પસંદ કર્યા હતા તેને સિફતપૂર્વક ભુલાવી દેવામાં આવે છે. આટલું ઓછું હોય તેમ ઘણા નેતાઓ તો ખુલ્લેઆમ માત્ર 'ટિકીટ' ના મળવાને કારણે 'સન્માન ના જળવાયુ' જેવા બહાના સાથે રાતોરાત પાર્ટી બદલી નાંખે છે ત્યારે જનતાના મનમાં તો સવાલ પેદા થતો જ હોય છે કે 'ભાઈ તમને અમે તમારા માન-સન્માન સંતોષવા ચુંટયા હતા કે પ્રજાના પ્રશ્નોને વાચા આપી પ્રજાનું કલ્યાણ સાચવવા??' ગુજરાતમાં તો એક નેતા સવારે બીજા પક્ષમાં ગયા અને રાત્રે પાછા મૂળ પક્ષમાં




પાછા આવી ગયા... હવે આ સ્થિતિમાં મતદારો તો હજુ એ દ્વિધામાંથી બહાર નથી આવી શકયા કે તેમની વિચારસરણી આટલી ઝડપથી પરિવર્તન પામી શકે છે કે તેઓ એપ્રિલ પહેલા જ મતદારોને 'એપ્રિલફુલ' બનાવી ગયા??

આમ પણ ચુંટણીઓમાં મોટા ભાગના નેતાઓ જે રીતરસમો અજમાવે છે તે સરેરાશ સામાન્ય મતાદાતાને ઓછી જ પસંદ આવે છે અને તેથી જ એવું કહેવામાં આવે છે કે સારી વ્યકિતઓ રાજકારણથી દૂર રહે છે. જો કે મતદારોએ પોતાના મતની તાકાત જાણી લેવી આ તબક્કે હિતાવહ છે. એક મતથી ભૂતકાળમાં અનેક સરકારો બદલાઈ ચુકી છે અને પોતે જે કરે તેને જનતા યોગ્ય જ માને છે તેવા ભ્રમમાં રાચતા અનેક દિગ્ગજ રાજકારણીઓને જનતાએ ઘરનો રસ્તો દેખાડી તેમની સાન ઠેકાણે લાવી દીધી છે. તો ફરી એકવાર ઉઠો, જાગો અને જયાં સુધી તમારા મતની 'તાકાત'થી નફફટ રાજકારણીઓ ડરે નહીં ત્યાં સુધી જંપો નહી. આમ ફરી એકવાર તમારી પાસે યોગ્ય કારણ વગર પક્ષપલ્ટો કરીને મત માંગવા આવેલા ઉમેદવારોને તેમનું સાચું સ્થાન દેખાડી દો, આ વખતે ફરી એકવાર 'મનીપાવર'ના આધારે ચવાણું-દારૂથી માંડીને કોઈ પણ પ્રકારની લોભલાલચ આપતા ધનપ્રેમીઓને કે જ્ઞાતિ-જાતિ-ધર્મ કે સગાવાદના આધારે પોતાની 'લાયકાત' દેખાડવા મથતા 'મોટાભા'ને સાચો માર્ગ દેખાડી દો, આ વખતે ફરી એકવાર પાંચ વર્ષે મોં દેખાડવા આવેલા કે જીત્યા પછી 'તું કોણ અને હું કોણ'ના તોરમાં રાચતા અકરમીઓને ઓળખી કાઢો, આ વખતે ફરી એકવાર ભ્રષ્ટાચારનો ભોરીંગ બની 'ઠાઠ'માં રાચતા અથવા સત્તા માટે માત્ર ચાપલુસી કરતા ચમચાઓને ઠેકાણે પાડી દો, આ વખતે ફરી એકવાર ખુરશી માટે સિધ્ધાંતો સાથે તડજોડ કરતા કે જાહેરમાં એલફેલ બોલી તમને 'તુચ્છ' ગણતા તુમાખીબાજોને ધોળે દિવસે તારા દેખાડી દો... બસ, તમારા એક મતની તાકાતને ઓળખો અને આ વખતના એપ્રિલમાં 'એપ્રિલફુલ' બનશો નહી તેવી શુભેચ્છા....

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com